જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૦૫/૧૦/૨૦૧૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-

## B.R.T.S/A.M.T.Sમાંથી પેસેન્જરની નજર ચુકવી તેમના પર્સમાંથી દાગીના/રોકડ ચોરી કરતી સ્ત્રી આરોપીઓને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ

ક્રાઇમબ્રાંન્ચ, અમદાવાદશહેરના સંયુકત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશપોલીસકમિશ્નરશ્રી આર.બી.પટેલ સાહેબ નાઓના માર્ગદશન અને સુપરવિઝન હેઠળ એન્ટી ઓર્ગેનાઇઝડ ક્રાઇમ સેલ ટીમને મળેલ બાતમી આધારે આરોપણ, (1) સોનલ ડો/ઓફ બજરંગભાઇ પરાકરી ગાયકવાડ (મરાઠી) રહે,કેકાડીવાસ એ વોર્ડ કુબેરનગર સિંધી સ્કુલ પાસે સરદારનગર અમદાવાદ.(2) અંજના @ અંજુ વા/ઓફ નરહરી સિધ્ધરામ જાદવ રહે,શીવરામની ચાલી કેકાડીવાસ એ વોર્ડ કુબેરનગર સરદારનગર અમદાવાદ.(3) શીતલ વા/ઓફ અમરભાઇ વિજયભાઇ જાદવ રહે,સદર નાઓ સોનાના મંગળસુત્ર કિં રુ 80,000/ સાથે મળી આવતા જે મુદ્દામાલ અંગે તપાસ કરતાં ઇસનપુર પો સ્ટે.ફ.ગુ.ર.નં.123/16 ઇ.પી.કો.કલમ 379 મુજબનો ગુન્હો ડીટેકટ કરવામાં આવેલ છે.સદરી સ્ત્રી આરોપણો બી.આર.ટી.એસ.બસમા પેસેન્જરોની ભીડમા ધકકામુકી કરી પેસેન્જરોની નજર ચુકવી તેઓના ખિસ્સામાંથી/પર્સમાંથી રોકડ રકમ તેમજ કિંમતી સામાનની ચોરી કરવાની ટેવવાળી છે.

### પુર્વ ઇતિહાસ

આ કામમા આરોપણ સોનલ ડો/ઓફ બજરંગભાઇ પરાકરી ગાયકવાડ(મરાઠી) રહે, કેકાડીવાસ એ વોર્ડ કુબેરનગર સિંધી સ્કુલ પાસે સરદારનગર અમદાવાદનાની અગાઉ સેટેલાઇટ પો સ્ટેશનમા : 02 તથા કાલુપુર પો સ્ટેમા : 01 મળી કુલ્લે 03 એ.એમ.ટી.એસ. /બી.આર.ટી.એસ. બસમા ભીડમા મોબાઇલ/રોકડ/દાગીનાની ચોરીના ગુન્હામા પકડાયેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)